# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૦૦ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૩૯૧૭૭૭૭ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.com Website : www.sgcci.com


---

રેફ નં. તાઃ ૨૩–૦૮ – ૨૦૧૦

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.
લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બરમાં વિન્ડ એનર્જી વિશે સેમિનાર યોજાયો

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી ના ઉપક્રમે સોમવાર તા.૨૩/૮/૧૦ના રોજ સાંજે ૦૬.૦૦ કલાકે સમૃધ્ધિ,નાનપુરામાં 'વિન્ડ એનર્જી–ટુ ધી રેસ્કયૂ ઓફ ધી વર્લ્ડ' એ ગુડ બિઝનેસ ઓપેર્ચ્યુનિટી વિશે માહિતીપ્રદ સેમિનાર યોજાયો હતો.આ સેમિનારમાં મુખ્ય વકતા તરીકે વર્લ્ડ વિન્ડ એનર્જી એસોસિયેશનના પ્રમુખ ડો.અનિલ કાણેએ રસપ્રદ વકતવ્ય રજૂ કર્યુ હતું.

કાર્યક્રમના આરંભે ચેમ્બર પ્રમુખડો.અજોય ભટ્ટાચાર્યએ સ્વાગત વકતવ્યમાં કહયું હતું કે,વિશ્વભરમાં જયારે ઉર્જાની તંગીનો માહોલ છે ત્યારે વૈકલ્પિક ઉર્જાના સ્રોતો વિશે વિચારવાનો સમય આવી ગયો છે.આજે આપણી વચ્ચે જે વકતા ઉપસ્થિત છે તઓ આ વિષયમાં ઘણું જ જ્ઞાન અને અનુભવ ધરાવે છે અને ખાસ કરીને વિન્ડ એનર્જી વિશે આપણને સારી જાણકારી આપશે.

ચેમ્બરની એનર્જી કમિટીના શ્રી મયંક દલાલે આજના સેમિનારની ટૂંકી પૂર્વભુમિકા આપતાં કહયું હતું કે,વૈકલ્પિક ઉર્જા વિશે મંથન કરવાનો સમય પાકી ગયો છે ત્યારે આજનો વિષય ઘણો સમયસરનો બની રહેશે અને ડો.અનિલ કાણે એ વિશે વિસ્તૃત માર્ગદર્શન પુરૂ પાડશે.

ગૃપ ચેરમેન કુ. આશા દવેએ ડો.અનિલ કાણેનો પરિચય આપ્યો હતો.

ડો.અનિલ કાણેએ વકતવ્યના આરંભમાં વર્લ્ડ વિન્ડ એનર્જી એસોસિયેશનની જાણકારી આપી હતી.તેમણે એમપણ કહયું હતું કે,વિશ્વમાં હજુ પણ ૩૪ ટકા લોકો વીજથી વંચિત

છે.વીજ ઉત્પાદનના પરંપરાગત સ્રોતો હવે મર્યાદિત થઈ રહયા છે ત્યારે આપણે વૈકપિક ઉર્જાસ્રોતો તરફ ધ્યાન આપવું પડશે.વિન્ડ એનર્જીએ ૨૦૦૮થી ઉદ્યોગ તરીકે આગેકૂચ શરૂ કરી છે.એમાં અત્યારે અમેરિકા,ચીન,જમર્ની અને સ્પેન બાદ ભારતનો ક્રમ છે.વિન્ડ એનર્જી માટે પવનના વેગ મુજબ સ્થળોનું સાત પ્રકારમાં વર્ગીકરણ કરવામાં આવે છે.કોઈપણ સ્થળને એ હેતુ માટે નકકી કરતાં પહેલા એક વર્ષ સુધી એ સ્થળના પવનના વેગ અને દિશાનો અભ્યાસ કરવામાં આવે છે.ગુજરાતમાં કચ્છ,ભાવનગર,જામનગર અને ઓખા વિન્ડ એનર્જી માટે સારા કેન્દ્રો ગણાય છે.તેમણે  વિન્ડ એનર્જીમાં આવતાં ઓછા સંચાલન ખર્ચની જાણકારી આપીહતી.તેમજ ગુજરાતમાં કોઈપણ સ્થળે વિન્ડ મશીનથી ઉત્પન્ન થતી વીજઈીને ખરીદવાનું ગુજરાત વીજ કંપનીએ શરૂ કર્યું છે તેમ જેનું બેંકીગ પણ થઈ શકે એવી જોગવાઈ રાખી છે.વિસ્તૃત પ્રેઝન્ટેશન રજૂ કરીને વિન્ડ એનર્જીના વૈશ્વિક ચિત્રની સમજ આપી હતી.તેમજ એને ગ્લોબલ વોર્મિંગ જેવી સમસ્યાની દ્રષ્ટિએ પણ હિતાવહ ગણાવી હતી.

શ્રોતાઓના પ્રશ્નોના તેમણે સંતોષકારક ઉત્તરો આપ્યા હતા.

ચેમ્બરના ભુ.પુ.પ્રમુખશ્રી અમરનાથ ડોરાએ આભારવિધિ આટોપી હતી.